ચિલોડા મોટા ખાતે ચિલોડા દૂધ ઉત્પાદક સહકારી મંડળીની ચૂંટણીમાં રસાકસીભર્યો જંગ ખેલાશે

ચિલોડા, તા. ૧૫

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારમાં ચિલોડા મોટા ખાતે તા. ૧૭મી જૂનના રોજ યોજાનાર ચિલોડા દૂધ ઉત્પાદક સહકારી મંડળીની વર્ષ ૨૦૧૨-૧૫ની ત્રણ વર્ષ માટેની વ્યવસ્થાપક કમિટીના ૧૦ સભ્યો માટેની ચૂંટણીમાં કુલ ૧૭ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવતા ચૂંટણી જંગ રસાકસીભરી બને તેવા સંકેતો સાંપડી રહ્યા છે.

આ ચૂંટણી જંગમાં પટેલ અંબાલાલ સોમદાસ, પટેલ અમૃતભાઈ શીવાભાઈ, પટેલ ઈન્દિરાબેન જયંતિભાઈ, ઠાકોર ઉમેદજી દોલાજી, પટેલ કાળાભાઈ કેશાભાઈ, પટેલ ગોરધનભાઈ ભોળીદાસ, ઠાકોર ગેલાજી ઉમેદજી, પટેલ જયંતિભાઈ ગોરધનભાઈ, પટેલ પ્રહલાદભાઈ ફકીરચંદ, પટેલ બકાભાઈ નાથાભાઈ, ઠાકોર દશરથજી કેશાજી, પટેલ રણછોડભાઈ રામાભાઈ, પટેલ રણછોડભાઈ જીવાભાઈ, પટેલ ભરતભાઈ નટવરભાઈ, પટેલ શામળભાઈ રામાભાઈ, પટેલ અરવિંદભાઈ સોમાભાઈ (નાના ખેડૂત) તથા રાવલ રમણલાલ આશારામ (નાના ખેડૂત) વગેરે મહારથીઓએ ઉમેદવારી નોંધાવતા ભારે રસાકસીભર્યો જંગ ખેંચાતા કુલ ૨૪૪ સભાસદો ભાવિ ઉમેદવારોને કુલ ૧૦ મતો આપી પરિવર્તનની મહોર મારશે. હાલમાં ઉમેદવારો તથા ટેકેદારો ચૂંટણી જંગ જીતવા એડીચોટીનું જોર સાથે પ્રચાર આરંભાતા ચૂંટણીનો ખરાખરીનો જંગ જામતાં અનોખો પ્રચાર કાર્ય વેગવાન બનતાં ચૂંટણી માહોલમાં સભાસદોને રીઝવવા સંપર્ક અભિયાન આદરી રહ્યા છે.

ઉકળાટ અને બાફ બાદ ચિલોડા પંથકમાં ધોધમાર વરસાદ વરસતાં ખેડૂતો ખુશખુશાલ

ચિલોડા, તા. ૧૫

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારમાં છેલ્લા અઠવાડિયાથી અસહ્ય બાફ અને ઉકળાટ બાદ ચોમાસાનું આગમન ધીમે ધીમે આવતાં વરસાદી માહોલ જામી રહ્યો છે. છેલ્લા સપ્તાહથી આ પંથકમાં છૂટોછવાયો વરસાદી ઝાપટાં વરસતાં ખેતીના પાકને અનુરૂપ તેમજ લાભદાયક બનતા ખેડૂતોમાં આનંદ અને રાહતની લાગણી પ્રસરી રહી છે. હાલમાં મે માસના આરંભે કેટલાક ખેડૂતોએ કપાસનું વાવેતર કરી દીધું છે. ત્યારબાદ અમુક ખેડૂતોએ ખેતરોની હજુય ખરીફ પાક માટે ખેડ કરી ખેતરોમાં વિશેષ કામગીરી આરંભી રહ્યા છે. આ વિસ્તારમાં બુધવારે સાંજે ૮ વાગ્યા બાદ એકધારો તથા સતત પોણો કલાક વરસાદ તુટી પડતાં ખેતરોમાં પાણી-પાણી થતાં પિયત પાણીથી છૂટકારો મળતાં ઘણી રાહતની લાગણી પેદા થઈ છે. આ ચિલોડા પંથકમાં હજુયે બાફ અને ઉકળાટભર્યા વાતાવરણથી વધુ વરસાદ થવાના એંધાણો વર્તાતા ખેડૂતોમાં ખુશીની લાગણી વર્તાઈ રહી છે.

ધી નમસ્કાર સહકારી મંડળીમાં ૧૫ લાખથી વધુની ઉચાપત મામલે ૪ સગા ભાઈઓ વિરૂદ્ધ ફરિયાદ

તલોદ, તા. ૧૫

સાબરકાંઠાના તલોદ તાલુકામાં આવેલી ધી નમસ્કાર સહકારી શરાફી મંડળીના પૂર્વ વાઈસ ચેરમેને પોતાના સત્તાકાળ દરમિયાન સગાભાઈઓને લાખોની લોન ઈસ્યુ કરીને સત્તાનો દૂર ઉપયોગ કર્યાની એક સાથે અલગ અલગ એવી ચાર પોલીસ ફરિયાદ તલોદ પોલીસમથકે નોંધાતા હાલ આ મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે. પોલીસે આ મામલે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર પોલીસમથકે નોંધાયેલી ફરિયાદ મુજબ મહેશકુમાર રસીકલાલ મહેતાએ સન ૧૯૯૯માં પોતાના મેનેજીંગ ડિરેક્ટર પદનો દૂર ઉપયોગ કરી પોતાના જ ભાઈ શૈલેષ રસીકલાલ મહેતાને પોતાનો આર્થિક લાભ લેવા ટ્રક નં. જીજે-૯-વી-૩૮૨૮ માટે રૂ. ૪,૯૦,૦૦૦નું ધીરાણ મંજુર કર્યું હતું. બાદ સને ૨૦૦૪માં તેઓએ કમલેશકુમાર રસીકલાલ મહેતાને ટ્રક નં. જીજે-૯-ટી-૮૨૫૮ ઉપર રૂ. લાખનું ધીરાણ કર્યું હતું તે વખતે તેઓ મંડળીના વાઈસ ચેરમેનનો હોદ્દો ધરાવતા હતા. આ હોદ્દાના સમયગાળામાં જ તેઓએ કમલેશકુમાર રસીકલાલ મહેતાને ક્વોલિસ ગાડી જીજે-૧-એચબી-૬૧૨૦ ઉપર રૂ. ૪,૫૦,૦૦૦નું ધીરાણ મંજુર કર્યું હતું. તેજ રીતે ગુણવંતકુમાર રસીકલાલ મહેતાને ટ્રક નં. જીજે-૯-વી-૯૦૦૯ ઉપર પણ રૂ. ૩ લાખનું ધીરાણ મંજૂર કર્યું હતું. આમ આ તમામ ધીરાણની કુલ રકમનો આંક રૂ. ૧૫ લાખ ૪૦ હજાર થવા પામેલ છે. હોદ્દેદારના ધીરાણ લેનાર ભાઈઓએ ધીરાણની રકમ મંડળીમાં ભરપાઈ નહી કરી તેમજ વખતોવખત વાહનોના ઈન્સ્પેક્શન પણ નહી કરાવી મંડળીની સંમતિ વગર આર.ટી.ઓ.ને લગતા દસ્તાવેજો ઉભા કરી વાહનો અન્ય વ્યક્તિઓના નામે ટ્રાન્સફર કરાવી સંસ્થા સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કરવાનો પ્રયાસ હાથ ધર્યો છે. જે અંગે બાર વર્ષ બાદ આ ઘટના પ્રકાશમાં આવતા હાલ હોદ્દેદારોએ મંડળીના પૂર્વ ઉપપ્રમુખ મહેશકુમાર મહેતા સહિત અન્ય ત્રણ સગા ભાઈઓ વિરૂદ્ધ છેતરપીંડી અને વિશ્વાસઘાત અંગે ફરિયાદ આપતા તલોદ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કાંકરેજ તાલુકા પંચાયતમાં ગંદકી - કચરો અને ઝાડી ઊગી નીકળી છે છતાં તંત્ર દ્વારા તેને દૂર કરવામાં ક્યો ગ્રહ નડે છે તે સમજાતું નથી. એક બાજુ ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીનું સૂત્ર અમારું શહેર, સ્વચ્છ શહેર, અમારું ગામ નિર્મળ ગામ પરંતુ શિહોરી તાલુકા પંચાયતનું સૂત્ર જ કંઈક અલગ હોય તેવું આ તસવીર ભાસે છે જ્યાં આંકડા અને ગાંડાબાવળો ઉગીને ફૂલ્યા ફાલ્યા છે. એક બાજુ વેસ્ટેજ સામાનનો ખડકલો થયેલો છે જ્યાં કોઈ લોકો સંડાસ કરવા માટે ઉપયોગ કરે છે. તો સત્વરે તાલુકા પંચાયતના અધિકારીઓ નજર નાંખીને જુવે તો ત્યાં સ્વર્ગ જેવું દૃશ્ય સર્જાય છે અને આમ લોકો જુએ તો તેમને ગંદકીથી ખદબદતું નર્ક દેખાય છે. બાજુમાં પોસ્ટ ઓફિસનો રસ્તો આવેલો છે. સામે નાયબ ઈજનેરની કચેરી આવેલી છે. આ લોકોને દુર્ગંધ આવતી નહિં હોય કે પછી તેરી ભી ચૂપ મેરી ભી ચૂપ જેવી નીતિ અપનાવાય છે. પરંતુ લોકોને હિત ખાતર અને સ્વાસ્થ્ય ખાતર સાફ-સફાઈ કરવામાં આવે તેવું પ્રજા ઈચ્છે છે તો શું આ કામ થશે ખરું ? (તસવીર : હેમુભા વાઘેલા)

કડાદરામાં બળિયાદેવ બાપાનો ૧૦મો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૫

દહેગામ તાલુકાના કડાદરા ગામે આવેલા બળિયાદેવ બાપાના મંદિરમાં ૧૦મો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ તા. ૧૭મી જૂન-૨૦૧૨ને રવિવારે સવારે ૭ કલાકે યોજાશે. કડાદરા ગ્રામ મિત્ર મંડળ સાથે સૌ ભક્તજનો, સ્નેહીજનો તેમજ ગામજનો સમગ્ર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં હર્ષોલ્લાસ સાથે જોડાશે.

કડાદરા ગામે બળિયાદેવ બાપાના ૧૦મા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં સવારે ૭ કલાકે શોભાયાત્રા નિકળશે. વરઘોડેથી શોભાયાત્રા બળિયાદેવ બાપાના મંદિરેથી નીકળી કડાદરા ગામ જશે. આ પ્રસંગે ગામના તમામ નાગરિકો વરઘોડામાં જોડાઈ પોતાની શ્રદ્ધા પ્રગટ કરશે. બળિયાદેવ મિત્રમંડળ સમસ્ત કડાદરા ગામ તરફથી રાત્રે ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રોહિતભાઈ ઠાકોર, દશરથભાઈ ચૌહાણ અને મહેશભાઈ પ્રજાપતિ જેવા કલાકારો ડાયરાની રમઝટ બોલાવશે. ધર્મપ્રેમી જનતાને સમસ્ત કડાદરા ગામ મિત્ર મંડળ તરફથી ઉપસ્થિત રહેવા ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

પ્રાંતિયામાં રહેતા માતા પુત્રી ૨૦ દિવસથી લાપતા

ગાંધીનગર, તા.૧૫

પ્રાંતિયા ગામમાંથી માતા અને પુત્રી છેલ્લા ૨૦ દિવસથી લાપતા હોવાની જાણ ડભોડા પોલીસને કરવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર લક્ષ્મીબેન ઉર્ફે ચકી ડોટર ઓફ કાનાજી મથુરજી ઠાકોર તેમના પિતાના ઘરે પ્રાંતિયા ખાતે રહેતા ગત. ગત ૨૪ મે ના રોજ પિતાના ઘરેથી ભાઈના ગામ જાઉં છું તેમ કહી લક્ષ્મીબેન તેમની ૬ વર્ષીય પુત્રી મનસ્વીને લઈને નીકળ્યા હતા. ત્યારબાદ આજ સુધી પરત ન આવતા આ અંગે ડભોડા પોલીસ સ્ટેશને જાણ કરવામાં આવી છે.

પાટણના ખારેડામાં ઠેર-ઠેર દારૂના અડ્ડા : લોકો ભારે ત્રાહીમામ

પાટણ, તા.૧૫

પાટણ તાલુકાના વાગડોદ પોલીસ મથકની હદમાં દારૂ જુગારની બદી મોટા પાયે ચાલતી હોવા છતાં પોલીસતંત્ર આ બાબતે આંખ આડા કાન કરી અસામાજીક તત્ત્વોને છૂટોદોર આપી રહી હોવાની ચર્ચાએ જોર પકડયું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પાટણ તાલુકાના ખારેડા ગામે દેશી દારુના ચારથી પાંચ અડ્ડા દિવસ રાત ધમધમી રહ્યા છે. આ અડ્ડા પર અઘાર તેમજ વાઘરોલ ગામના બુટલેગરો વાહન મારફતે મોટા પાયે દારૂનો જથ્થો ઉતારે છે અને ખુલ્લે આમ દિવસ દરમિયાન હજારો રૂપિયાનો દેશી દારૂ વેચી રહ્યા છે. સાંજ પડે ને છાટકા બનતા દારૂડીયાઓની અવર જવરથી લોકો સાંજે રસ્તાઓ પર પસાર થતા પણ ડર અનુભવે છે. છેલ્લા ઘણા સમયથી ગામમાં શરાબની છોળો ઉછળતી હોવા છતાં વાગડોદ પોલીસ દ્વારા લાપરવાહી દાખવવામાં આવી રહી છે. આ બાબતે જિલ્લા પોલીસ કંટ્રોલને કરાયેલ રજૂઆત બાદ જિલ્લા પોલીસે દારૂના અડ્ડાઓ પર દરોડો કરવાની સૂચના આપી હતી તેમ છતા વાગડોદ પોલીસ જિલ્લા કંટ્રોલ વિભાગના આદેશને અવગણી અસામાજીક તત્વોને પોષી રહી છે ત્યારે જિલ્લા પોલીસ વડાએ આ મામલે દોશી અધિકારીઓ સામે પગલા લઈ ખારેડા ગામના દારૂના અડ્ડાઓ પર સપાટો બોલાવી કાયદો અને સલામતીનો અહેસાસ કરાવે તેવી ગ્રામજનોની માંગણી છે.

મહેસાણાની બે જ્વેલર્સની દુકાનોમાંથી સાડા આઠ લાખ રૂપિયાની ઉઠાંતરી

મહેસાણા, તા.૧૫

મહેસાણા શહેરના જુદા જુદા બે વિસ્તારોમાં આવેલા જવેલર્સની ચાર દુકાનો પૈકી બે દુકાનોમાંથી રાત્રિના સમયે કોઈ તસ્કરો રૂપિયા સાડા આઠ લાખ ઉપરાંતની કિંમતની મત્તાની ચાંદીની ચોરી કરી ગયા હોવાનો બનાવ બન્યો છે.

મળતી માહિતી અનુસાર મહેસાણા શહેરમાં થોડા સમય પૂર્વે પોલીસ મથકની સામે આવેલ પાલિકા બજારમાં જવેલર્સની એક દુકાનને તસ્કરોએ નિશાન બનાવી લાખોની કિંમતની મત્તાના ચાંદીના દાગીનાની ચોરી કરી હતી. આ ગુનાનો ભેદ હજી ઉકેલાયેલ નથી ત્યાં શહેરના સ્ટેશન રોડ પરની પંચરત્ન જવેલર્સની દુકાનના તાળા તોડી અંદર ટેબલના ખાનામાંથી રૂપિયા સાત લાખ પાંસઠ હજારની કિંમતની મત્તાની ૨૦ કિલોચાંદીની ઉઠાંતરી કરી કયાંક પલાયન થઈ ગયા હતા. જયારે શહેરના ટી.બી. રોડ પર સૂર્યા કોમ્પ્લેક્ષમાં દિવ્યાંશુ જવેલર્સની દુકાનના શટરનું તાળું તોડી અંદરથી બે કિલો ત્રણસો ગ્રામ વજનના ચાંદીના દાગીના જેની કિંમત ૯૨૦૦૦/-ની થવા જાય છે તેની ચોરી કરી હતી.

તસ્કરોએ શહેરના સ્ટેશન રોડ પર મેઘરથ કોમ્પ્લેક્ષમાં આવેલ મધુ જવેલર્સ અને શ્રીધર જવેલર્સની દુકાનમાં પણ ચોરી કરવાનો પ્રયાસ કર્યો હતો. અહીં એક દુકાનમાં સોના-ચાંદીના દાગીનાની જગ્યાએ કપડાં હોવાથી તસ્કરોએ ચોરી કરવાનું ટાળ્યું હતું. આ બનાવ અંગે મહેસાણા એ અને બી ડીવીઝન પોલીસે ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મહિયલ આદર્શ શાળામાં પ્રવેશોત્સવ યોજાયો

તલોદ, તા. ૧૫

રાજ્ય સરકાર આયોજીત શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી નિમિત્તે આજે તલોદની મહિયલ આદર્શ પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણીનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં તાલુકાના અગ્રણીઓએ હાજર રહી ભૂલકાઓનું શાળામાં નામાંકન કરાવ્યું હતું તથા બાળકોને કિટ અને સાયકલ સહિત ઈનામનું વિતરણ કર્યું હતું.

તલોદ તાલુકાની મહિયલ આદર્શ પ્રાથમિક શાળામાં આયોજીત આ કાર્યક્રમમાં ધોરણ-૧ માં ૨૧ બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો હતો. તથા ધોરણ-૮માં અભ્યાસ કરતી ૪ કન્યાઓને સાયકલ તેમજ ધોરણ ૧ થી ૭ માં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવનાર વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યા હતા. ઉપરાંત આંગણવાડી અને ધોરણ-૧ માં પ્રવેશ કરાવી ઉપસ્થિત મહાનુભાવોએ બાળકોને કીટનું વિતરણ કર્યું હતું.

ખાડીયાથી ૫૩૧ બોટલ વિદેશી દારૂનો જથ્થો જપ્ત

અમદાવાદ, તા.૧૫

ખાડીયા વિસ્તારમાંથી દારૂ ભરેલી કાર સાથે સેક્ટર-૧ની ટીમે એક શખ્સને ઝડપી પાડયો છે ઘટનાની વિગત એવી છે કે સેકટર-૧ અજય તોમરના સ્કવોડના પો.કો. ધીરજકુમાર લક્ષ્મણભાઈ અને વિક્રમસિંહ તોમરે બાતમીના આધારે ખાડીયા કાપડીવાડ ચોક પાસેથી દારૂ ભરેલી અલ્ટ્રો અને બોલેરો કાર સાથે અમીત મહેન્દ્રભાઈ રાઠોડને પકડી પાડ્યો હતો. પોલીસે કુલ ૫૩૧ નંગ દારૂની બોટલ કબ્જે કરી હતી. આ અંગે ખાડીયા પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

ખેડબ્રહ્મામાં રથયાત્રા આયોજન સમિતિના સભ્યોની બેઠક મળી

ખેડબ્રહ્મા, તા.૧૫

ખેડબ્રહ્મા શહેરમાં આગામી અષાઢી બીજા દિવસે યોજાનારી રથયાત્રાની તૈયારીના ભાગરૂપે ખેડબ્રહ્માના રાધાકૃષ્ણ મંદિર ખાતે ગત રવિવારે ડાકોર મંદિરના ટ્રસ્ટીઓ તથા રાધાકૃષ્ણ મંદિર ઉત્સવ સમિતિના સભ્યોની એક બેઠક યોજાઈ હતી. જેમાં રથયાત્રાનો રૂટ, પ્રસાદ, મહાપ્રસાદ સહિત અનેક બાબતો પર ચર્ચા કરવામાં આવી હતી.

મળતી માહિતી અનુસાર ખેડબ્રહ્મા શહેરમાં યોજાનાર રથયાત્રાનો રૂટ રાધાકૃષ્ણ મંદિરથી નિકળી જૂની પોસ્ટ ઓફિસ, જૈન દેરાસર, પટેલ ફળી, બ્રજુજી ચોક, બસ સ્ટેન્ડ, હનુમાન મંદિર, માણેક ચોક, શ્રી શ્રીયાદેવી ચોક, સરદાર ચોક અને પેટ્રોલ પંપ થઈ મોદી હસમુખલાલના ઘરે વિસામો કરશે. બાદમાં પુલ ઉપર સુથારફળી થઈ નીજ મંદિરમાં રથયાત્રા પરત ફરશે. રથયાત્રાના વિસામા દરમિયાન વિસામા ના દાતા દ્વારા ભગવાનનું પૂજન-આરતી સાથે ભગવાનનું મોસાળું ભરવામાં આવશે.

રથયાત્રા સાથે સાથે વેષભૂષા ઝાંખીઓ, શણગારેલા ટ્રેકટરો ઘોડા તથા વનવાસી ભાઈ-બહેનો પોતાના શણગારેલા ઢોલ સાથે આકર્ષણ જમાવશે. આ બેઠકમાં ટ્રસ્ટી મંડળના સર્વે સભ્યો જસવંતલાલ ભાવસાર, અરવિંદભાઈ પટેલ, સૂર્યકાન્તભાઈ સોની, હસમુખલાલ મોદી, લખુભાઈ અટારા, રમેશભાઈ ટાંક સહિત ગોપી મંડળની બહેનો મોટી સંખ્યામાં હાજર રહી હતી.

બાઈક ઉપર આવેલો શખ્સ મહિલાની ચેન તોડી ફરાર

અમદાવાદ, તા.૧૫

શહેરના સારંગપુર વિસ્તારમાં સીંધીમાર્કેટ પાસેથી એકટીવા પર પસારથતી મહિલાના ગળામાંથી ૪૦ હજારની કિંમતની ચેન તોડી નંબર પ્લેટ વીનાની બાઈક પર આવેલો શખ્સ ચેન તોડીને ફરાર થઈ ગયો હતો. કાલુપુર પાંચકુવા ફાયર સ્ટેશન સામે આવેલા સ્ટાફ ક્વાર્ટસમાં મંજુલાબેન બળવંતભાઈ પટેલ પોતાના પરિવાર સાથે રહેછે. ગત રાત્રિના ૧૧:૧૫ વાગે મંજુલાબેન અને તેમની પુત્રી કોઈ કામ અર્થે સારંગપુર ગયા હતા. તેઓ સીંધી માર્કેટ પાસેથી પસાર થતા હતા. ત્યારે નંબર પ્લેટ વીનાની મોટર સાયકલ પર એક શખ્સ આવ્યો હતો. અને એકટીવાની પાછળના ભાગે બેસેલા મંજુલાબેનના ગળામાંથી ૪૦ હજારની કિંમતની ચેન તોડી ફરાર થઈ ગયો હતો. મંજુલાબેને બુમા-બુમ કરતાં લોકોના ટોળે-ટોળા એકઠા થઈ ગયા હતા.

ગાંધીનગર સમાચાર

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

સાબરકાંઠા જિલ્લામાં		
મગનજી વણઝારા	(બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર)	૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮૪૪૭૧૬
સમીર બલોચ	સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર	૯૯૨૪૩૩૩૪૩
દશરથ વણઝારા	તલોદ	૯૬૩૮૧૮૮૭૯૬
જનક રાવલ	વડાલી	૯૯૨૫૭૯૯૭૦૩
કાળુસિંહ રાઠોડ	સલાલ	૯૪૨૭૯૦૯૦૩૧
જીતેન્દ્ર એલ. પટેલ	ધનસુરા	૯૪૨૭૩૬૮૫૦૩
પ્રકાશ ગઢવી	ઈડર	૯૪૨૯૪૫૭૬૧૭
રમેશભાઈ વૈષ્ણવ	ખેડબ્રહ્મા	૯૪૨૬૨૫૯૩૬૦
જયદેવભાઈ બારોટ	ખેડબ્રહ્મા	૯૪૨૮૮૩૦૩૩૮
સંજય રાવલ	પ્રાંતિજ	૯૮૨૫૮૩૮૫૬૯
કોદરસિંહ રાઠોડ	તાજપુર કેમ્પ	૯૯૯૮૮૨૮૧૯૩
મયુર ધ્વજસિંહ વાઘેલા	માણસા	૯૮૭૯૦૯૯૯૩૩
વિઠ્ઠલભાઈ સુથાર	લક્ષ્મીપુરા	૯૪૦૮૧૨૫૧૧૫
મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં		
ગણપતભાઈ જોષી	પાલનપુર (બ્યૂરો ચીફ,બ.કાં.)	૯૩૭૫૦૭૬૦૬૧
મહેશભાઈ બારોટ	મહેસાણા/ઊંઝા (બ્યૂરો ચીફ)	૯૯૭૯૪૦૨૫૩૩
હરેશ જોષી	પાલનપુર	૮૦૦૦૯૧૧૬૧૬
કાંતિલાલ લોધા	ડીસા	૯૮૭૯૦૧૦૦૪૭
જેણુભા વાઘેલા	પાટણ	૯૯૯૮૨૧૦૪૩૬

તપાસ હાથ ધરાશે..● અનુસંધાન પહેલાનું ચાલુ

નવા શૈક્ષણિક સત્રના પ્રારંભે શાળાઓમાં ફાયરસેફ્ટીના સાધનોની ઉપલબ્ધિ અંગે જરૂરી તપાસ હાથ ધરવામાં આવશે. આ દરમિયાન જે શાળામાં ઉપયોગી સાધનોનો અભાવ વર્તાશે તેવી શાળાઓને નોટીસ આપવાની કાર્યવાહી હાથ ધરાશે. શાળાઓમાં ફાયર સેફ્ટીના સાધનોની ચકાસણી ઝૂંબેશના પ્રાથમિક તબક્કે ફાયરબ્રિગેડ દ્વારા સે. ૨૩ સ્થિત કડી કેમ્પસના મમતા કોમ્પ્યૂટર ટ્રેનીંગ સેન્ટરમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. ૮ રૂમ, ૩ લેબ અને ૩૭ કોમ્પ્યુટર ધરાવતા આ ટ્રેનીંગ સેન્ટરમાં ફાયર સેફ્ટીના સાધનો ઉપલબ્ધ ન હોવાથી તંત્ર દ્વારા ટ્રેનીંગ સેન્ટરને નોટીસ આપવામાં આવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર આગામી દિવસોમાં શહેરની અન્ય શાળાઓમાં પણ ચકાસણી હાથ ધરાશે.

વિકાસ કામો મંજૂર કરશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

નગરપાલિકાઓ માટે રૂ. ૧ કરોડના કામો અલગથી સૂચવવામાં આવશે. આ અંગે નગરપાલિકાઓ પાસેથી અલગથી દરખાસ્તો પણ તંત્ર દ્વારા મેળવવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લાની ચારેય નગરપાલિકામાં આ વર્ષે રૂ. ૨૫ લાખની મર્યાદામાં આયોજન મંડળના કામો હાથ ધરવામાં આવશે. જિલ્લામાં આયોજન મંડળ દ્વારા હાથ ધરવામાં આવતા વિકાસ કામોના અમલીકરણમાં સારી એવી સિધ્ધિઓ પ્રાપ્ત થઈ છે. જિલ્લા કલેકટર શ્રી પી. સ્વરૂપે ચાર્જ સંભાળ્યા બાદ તેઓ દર માસે આયોજન મંડળના ચાલતા કામો અંગે સમીક્ષા કરે છે તેમજ આ કામો સમય મર્યાદામાં પૂર્ણ થાય તે માટે સતત તંત્રને ટપારતા રહ્યા છે.

જિલ્લામાં આયોજન મંડળના કામોની ધીમી ગતિ અંગે વારંવારના અખબારી અહેવાલોને ધ્યાને લઈ જિલ્લા કલેકટરે નવતર અભિગમ અપનાવ્યો છે. જો કે આમ છતાંય હજુ જિલ્લામાં ૧૦-૧૧ ના વર્ષના કામો જે મંજૂર થયા છે તે પ્રગતિમાં હોવાનું સમીક્ષા દરમિયાન જ ધ્યાને આવ્યું છે તે પણ ઉલ્લેખનીય છે. જિલ્લામાં આયોજન મંડળની આ બેઠકમાં જિલ્લાના અધિકારીઓ, ધારાસભ્યો તેમજ પંચાયત પ્રમુખો હાજર રહેતા હોય છે. આ માટે સરકારે એક અલગ જિલ્લા આયોજન સમિતિની રચના કરી હતી પરંતુ તેની એક પણ બેઠક યોજાઈ નથી એટલુંજ નહિ પંચાયતોની સામાન્ય ચૂંટણી પછી આ સમિતિની નવેસરથી રચના કરવાની થાય પણ સરકાર દ્વારા કોઈ જ કાર્યવાહી કરવામાં આવી નથી તે પણ ઉલ્લેખનીય છે. વિકેન્દ્રીત જિલ્લા આયોજનના મૂળભૂત હેતુને વિલંબને કારણે ઠેસ પહોંચી હોવાની વાતો રાજકીય વર્તુળોમાં થઈ રહી છે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૬૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૯૪૭૨૮